**આજની રાઉન્ડ ઓફ 16ની મેચો**

બ્રાઝીલ વિ. નોર્વે રાત્રે 1.30 વાગ્યે | મેક્સિકો વિ. ઇંગ્લેન્ડ વહેલી સવારે 5.30 વાગ્યે

નાનકડા કેપ વર્ડેએ ડિફેન્ડિંગ ચેમ્પિયનને હંફાવ્યું

# આર્જેન્ટિના એક્સ્ટ્રા ટાઇમમાં જીત સાથે રાઉન્ડ ઓફ 16માં

**લિયોનલ** મેસ્સીએ પોતાની વર્લ્ડકપ કારકિર્દીનો 20મો ગોલ કર્યો

**રોમાંચક** મેચમાં એક્સ્ટ્રા ટાઇમમાં પણ સ્કોર 2-2થી બરાબર થયો હતો પણ અંતિમ મિનિટોમાં કેપ વર્ડેના ખેલાડી દ્વારા આત્મઘાતી ગોલ થતાં આર્જેન્ટિના વિજયી થયું



મિયામી ગાર્ડન્સ, તા. 4 (એપી): મિયામી ગાર્ડન્સ ખાતે રમાયેલી ફિફા વર્લ્ડકપની રોમાંચક મેચમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ અંડરડોગ ગણાતી કેપ વર્ડેની ટીમને એક્સ્ટ્રા ટાઇમમાં 3-2થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ મેળવી લીધો છે. 525,000ની નાની વસ્તી ધરાવતા આફ્રિકન ટાપુ દેશ કેપ વર્ડેએ આર્જેન્ટિનાને આ રોમાંચક મેચમાં અંતિમ ક્ષણો સુધી જોરદાર ટક્કર આપી હતી.

મેચમાં લિયોનલ મેસ્સીએ 29મી મિનિટે શાનદાર ગોલ કરીને આર્જેન્ટિનાને 1-0ની લીડ અપાવી હતી, જે તેનો વર્લ્ડકપ કરિયરનો 20મો ગોલ હતો. આ ટૂર્નામેન્ટમાં 7 ગોલ સાથે તે ગોલ્ડન બૂટની રેસમાં કિલિયન એમબાપ્પે કરતાં આગળ નીકળી ગયો છે. નિર્ધારિત સમયમાં સ્કોર સરભર રહ્યા બાદ, એક્સ્ટ્રા ટાઇમમાં 92મી મિનિટે લિસાન્ડ્રો માર્ટિનેઝે ગોલ કરીને આર્જેન્ટિનાને 2-1થી આગળ કર્યું, પરંતુ કેપ વર્ડેના ડેરોય દુઆર્ટેએ 103મી મિનિટે ગોલ કરીને સ્કોર 2-2ની બરાબરી પર લાવી દીધો હતો. અંતે 111મી મિનિટે ક્રિસ્ટિયન રોમેરોના હેડર પર કેપ વર્ડેના ડીની બોર્ગેસના આત્મઘાતી ગોલના કારણે આર્જેન્ટિનાને 3-2ની વિજયી લીડ મળી હતી. કેપ વર્ડેના 40 વર્ષીય ગોલકીપર વોઝિન્હાએ મેસ્સીના 5 શૉટ સહિત કુલ 10 શાનદાર સેવ કર્યા હતા. હવે મંગળવારે એટલાન્ટામાં આર્જેન્ટિનાનો મુકાબલો ઈજિપ્ત સામે થશે.

# ખેલાડીએ રિટાયર થતાં પહેલાં પોતાની જવાબદારી નિભાવવી જોઈએ

ન્યૂઝીલેન્ડે કોઈપણ પ્રકારના હોબાળા વગર શાંતિથી વિદેશી ધરતી પર વધુ એક સિરીઝ જીતી લીધી છે. તેમને ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સની નિવૃત્તિની જાહેરાત આસપાસ બનેલા અતિશય હાઇપથી ઘણી હદ સુધી મદદ મળી. એવું લાગતું હતું કે આ જાહેરાતે માત્ર ઈંગ્લેન્ડના ક્રિકેટ પ્રેમીઓને જ નહીં, પરંતુ ખુદ ટીમને પણ આશ્ચર્યમાં મૂકી દીધી હતી, જે તેમની બીજી ઇનિંગ્સ રમવાની ક્રેઝી રીત પરથી સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. આધુનિક ક્રિકેટમાં એક મોટી વિચારધારા એવી છે કે જો તમે જીત મેળવવાના પ્રયત્નમાં હારી જાવ તો કોઈ વાંધો નથી. ખરેખર? ચોક્કસ, જીતવા માટે પ્રયાસ કરો પરંતુ ક્રિકેટમાં જો તમને લાગે કે જીત શક્ય નથી, પણ મેચ ડ્રો કરી શકાય તેમ છે, તો પછી તમે એ વિકલ્પ કેમ ન અપનાવો. અહીં એવું ન હતું કે ઈંગ્લેન્ડ 0-1થી પાછળ હતું. તેઓ 1-1ની બરાબરી પર હતા, તેથી જો ત્રીજી અને અંતિમ ટેસ્ટ ડ્રો થઈ હોત તો સિરીઝ સરભર થાત, તેઓ હારત નહીં. એવું પણ ન હતું કે મેચ જીતવાથી ટીમને મળનારા પોઈન્ટ્સ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઇનલમાં ક્વોલિફાય કરવા માટે કોઈ તફાવત પેદા કરવાના હતા. તેથી, જે અભિગમ જોવા મળ્યો તે ઓછામાં ઓછું કહીએ તો મગજ ચકરાવે ચડાવી દે તેવો હતો. સ્ટોક્સનું ઓપનિંગમાં બેટિંગ કરવા આવવું અને પ્રથમ જ બોલ પર ક્રિઝની બહાર ધસી જવું, અને પછી હેરી બ્રુકનું હેરી બ્રુક જેવી જ હરકતો કરવી, તેનો કોઈ પણ રીતે કોઈ તર્ક બેસતો ન હતો.

તેની એકમાત્ર સમજૂતી એ છે કે તેઓ જાણતા હતા કે તેમની આ બેજવાબદાર બેટિંગ સામે કોઈ પગલાં લેવામાં આવશે નહીં. વર્તમાન શાસન હેઠળ, કોઈ જવાબદારી નક્કી થતી નથી. તમને સ્ક્વોડમાંથી બહાર કરવામાં આવશે નહીં.

આ માત્ર ઈંગ્લેન્ડની વાત નથી, પરંતુ ઘણી બધી ટીમો એક આરામદાયક ક્લબ જેવી બની જાય છે જ્યાં નવા સભ્યોને સરળતાથી પ્રવેશ મળતો નથી. પ્રદર્શન ન કરનારા સભ્યો પાસે અન્ય ગુણો હોય છે જેમ કે ટીમમાં જોકર બનવું જે ટીમને હસાવતી રાખે છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ઉચ્ચ દબાણવાળી પરિસ્થિતિઓમાં આને ઘણીવાર અનિવાર્ય માનવામાં આવે છે. તેથી જો ખેલાડી રન કે વિકેટ ન પણ લેતો હોય, તો પણ તેને બાકીના લોકોને હસાવવા માટે સ્ક્વોડમાં રાખવામાં આવે છે.



**લેઈટ કટ**

- સુનિલ ગવાસ્કર

જો ક્યારેય દર્શાવવાની જરૂર પડી હોય તો, આ જીતે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે આ રમતમાં કોઈ અનિવાર્ય નથી. રમતની મહાન હસ્તીઓમાંના એક એવા કેન વિલિયમસને પ્રથમ ટેસ્ટ મેચ પછી નિવૃત્તિ લઈ લીધી, જેમાં કીવીઝ હારી ગયા હતા. તેનાથી ટીમ પર કોઈ અસર ન પડી કારણ કે વિલિયમસનની જગ્યાએ આવેલા હેનરી નિકોલ્સે બંને ટેસ્ટ મેચોમાં સારી બેટિંગ કરી, જેને ન્યૂઝીલેન્ડે આગળ જતાં જીતી લીધી.

વિદેશી પ્રવાસની સિરીઝની વચ્ચે નિવૃત્તિ લેવાનો આ વ્યવહાર સમજવો અઘરો છે. હા, એક ખેલાડીને ટીમ મેનેજમેન્ટ દ્વારા નકામો ગણવામાં આવતો હોવાનો અહેસાસ થઈ શકે છે, પરંતુ તેણે આખા પ્રવાસ માટે ઉપલબ્ધ રહેવાના કરાર (કોન્ટ્રાક્ટ) પર સહી કરી છે અને તેથી તેને તે માટે જવાબદાર ગણવો જોઈએ. પસંદગી સમિતિએ પણ પ્રવાસ માટેની ટીમ પસંદ કરતી વખતે ટીમની સંતુલનને ધ્યાનમાં લીધું હોય છે અને તે ખેલાડીની પસંદગી કરી હોય છે. તેથી, ખેલાડીનું વિદેશી સિરીઝની અધવચ્ચેથી નિવૃત્ત થવું એ આખા સંતુલનને વેરવિખેર કરી શકે છે. ખેલાડી એવું વિચારતો હોય કે તે હવે કોઈ મોટું યોગદાન આપી શકે તેમ નથી અથવા ટીમ મેનેજમેન્ટ સાથે તેના વિચારો મળતા નથી, તે વિદેશી પ્રવાસની વચ્ચેથી સિરીઝ છોડી દેવાનું કોઈ યોગ્ય કારણ નથી.

ઓછામાં ઓછું હોમ સિરીઝમાં (પોતાના દેશમાં રમાતી સિરીઝમાં), બદલી તરીકે આવનારા ખેલાડી માટે વાતાવરણને અનુકૂળ થવાનો કે લાંબી મુસાફરીનો કોઈ પ્રશ્ન હોતો નથી અને કોઈપણ સંજોગોમાં હોમ સિરીઝમાં સ્ક્વોડની પસંદગી મેચ-બાય-મેચ થતી હોય છે. તેમાં મેચ-બાય-મેચ સિવાયના કોઈ કોન્ટ્રાક્ટ સામેલ હોતા નથી. તેથી, હોમ સિરીઝ દરમિયાન નિવૃત્ત થવું અથવા પોતાને ઉપલબ્ધ ન રાખવા તે સમજી શકાય તેવું છે. દેશ માટે રમવું એ એક લહાવો અને સન્માન છે, જેને હળવાશથી લેવું જોઈએ નહીં, ભલે તે વ્યક્તિ કરોડપતિ કેમ ન હોય. જ્યારે તમે રન અને વિકેટના મિલિયોનેર હશો, ત્યારે જ ક્રિકેટ પ્રેમીઓ તમને પ્રેમ અને સ્નેહથી યાદ રાખશે. કેન વિલિયમસન અને બેન સ્ટોક્સ રમતની મહાન હસ્તીઓ રહ્યા છે અને ચાહકો દ્વારા તેમને હંમેશ માટે યાદ રાખવામાં આવશે, પરંતુ મને ખાતરી છે કે તેઓ પણ એ વાત સાથે સહમત થશે કે તેઓ પોતાની ટીમ માટે જીત સાથે રમતને અલવિદા કહેવાનું વધુ પસંદ કરત.

# પેનલ્ટી શૂટઆઉટમાં ઈજિપ્તે ઓસ્ટ્રેલિયાને 4-2થી હરાવ્યું

**મોહમ્મદ** સાલાહની કેપ્ટનશીપમાં ઈજિપ્ત પ્રથમ વખત વર્લ્ડકપના રાઉન્ડ ઓફ 16માં

**ઈજિપ્તનો** મોહમ્મદ હાની એક જ વર્લ્ડકપમાં બે આત્મઘાતી ગોલ કરનારો પ્રથમ ખેલાડી



આર્લિંગ્ટન, તા. 4 (એપી): આર્લિંગ્ટન ખાતે રમાયેલી ફિફા વર્લ્ડ કપની રોમાંચક મેચમાં, ઈજિપ્તે ઓસ્ટ્રેલિયાને પેનલ્ટી શૂટઆઉટમાં 4-2થી હરાવ્યું હતું.

ઈજિપ્ત પ્રથમ વખત નોકઆઉટ રાઉન્ડમાં વિજયી થઈને રાઉન્ડ ઓફ 16માં પહોંચ્યું છે. નિર્ધારિત અને એક્સ્ટ્રા ટાઇમમાં બંને ટીમો 1-1ની બરાબરી પર રહ્યા બાદ પેનલ્ટી શૂટઆઉટ દ્વારા મેચનો નિર્ણય લેવાયો હતો, જેમાં ઈજિપ્તના હોસામ અબ્દેલમાગ્વિદે વિજયી ગોલ કર્યો હતો. મેચની 13મી મિનિટે ઈમામ આશૂરે ગોલ કરીને ઈજિપ્તને 1-0થી આગળ કર્યું હતું, પરંતુ 55મી મિનિટે ઈજિપ્તના ડિફેન્ડર મોહમ્મદ હાનીના આત્મઘાતી ગોલના કારણે ઓસ્ટ્રેલિયાએ 1-1ની બરાબરી કરી લીધી હતી. આ સાથે હાની એક જ વર્લ્ડકપમાં બે આત્મઘાતી ગોલ કરનારો પ્રથમ ખેલાડી બન્યો છે. 34 વર્ષીય સ્ટાર સ્ટ્રાઈકર અને કેપ્ટન મોહમ્મદ સાલાહની આગેવાનીમાં ઈજિપ્તે શૂટઆઉટમાં ચારેય તક ઝડપી લીધી હતી. ઓસ્ટ્રેલિયાના હેરી સાઉટાર અને લુકાસ હેરિંગ્ટન શૂટઆઉટમાં ગોલ ચૂકી ગયા હતા. હવે મંગળવારે એટલાન્ટામાં રાઉન્ડ ઓફ 16માં ઈજિપ્તનો મુકાબલો ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના સામે થશે.

# કોલંબિયાનો ઘાના સામે 1-0 થી વિજય

**જ્હોન** એરિયાસના નિર્ણાયક ગોલ સાથે કોલંબિયા રાઉન્ડ ઓફ 16માં

**કોલંબિયાએ** વર્લ્ડકપમાં પ્રથમ ગોલ કર્યા પછી સતત 11મી મેચ જીતવાનો રેકોર્ડ જાળવી રાખ્યો



કન્સાસ સિટી, તા. 4 (એપી): કન્સાસ સિટીના એરોહેડ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફિફા વર્લ્ડ કપની રોમાંચક મેચમાં, કોલંબિયાએ આફ્રિકન દેશ ઘાનાને 1-0થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ મેળવી લીધો છે. કાળઝાળ ગરમી વચ્ચે રમાયેલી આ મેચની શરૂઆતમાં જ કોલંબિયાના જ્હોન કોર્ડોબાને ઈજા થતાં તેના સ્થાને લુઈસ સુઆરેઝને મેદાન પર મોકલવામાં આવ્યો હતો. સુઆરેઝના પાસ પર જ્હોન એરિયાસે મેચની શરૂઆતમાં જ શાનદાર ગોલ કર્યો હતો, જે નિર્ણાયક સાબિત થયો હતો. કોલંબિયાએ વર્લ્ડકપમાં પ્રથમ ગોલ કર્યા પછી સતત 11મી મેચ જીતવાનો આકર્ષક રેકોર્ડ જાળવી રાખ્યો છે. એનો અર્થ એ છે કે જે પણ વર્લ્ડકપની મેચમાં કોલંબિયાએ પ્રથમ ગોલ કર્યો છે તે મેચ તેઓ ક્યારેય હાર્યા નથી. ઘાનાના ગોલકીપર લોરેન્સ અતિ ઝિગીએ 7 શાનદાર સેવ કરીને પોતાની ટીમને મેચમાં ટકાવી રાખી હતી, પરંતુ ઘાનાના ફોરવર્ડ્સ કોલંબિયાના મજબૂત ડિફેન્સ સામે એક પણ શોટ ગોલ પોસ્ટ પર મારી શક્યા ન હતા. ઘાનાની ટીમ આક્રમણ કરવામાં નિષ્ફળ રહી હતી અને બોલ પર કોલંબિયાનું વર્ચસ્વ રહ્યું હતું. કોલંબિયાની આ જીત સાથે હવે મંગળવારે વાનકુવરમાં ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવવા માટે તેનો મુકાબલો સ્વિટ્ઝર્લેન્ડ સામે થશે.

# બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સ સ્પ્રિન્ટ રેસમાં કિમી એન્ટોનેલીની શાનદાર જીત

**લેવિસ** હેમિલ્ટન બીજા જ્યારે લેન્ડો નોરિસ ત્રીજા સ્થાને રહ્યો

**એન્ટોનેલીએ** ફોર્મ્યુલા-1 ટેબલમાં 43 પોઇન્ટની મજબૂત લીડ બનાવી



સિલ્વરસ્ટોન, તા. 4 (એપી): સિલ્વરસ્ટોન ખાતે બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સની સ્પ્રિન્ટ રેસમાં કિમી એન્ટોનેલીએ શાનદાર વાપસી કરીને લેવિસ હેમિલ્ટનને ઘર આંગણે જીત મેળવતા રોકી દીધો હતો અને પોતે વિજય મેળવ્યો હતો.

પોલ પોઝિશનથી રેસની શરૂઆત કરનાર હેમિલ્ટને 17 લેપની આ રેસમાં 8માં લેપ સુધી એન્ટોનેલીને પાછળ રાખ્યો હતો, પરંતુ ત્યારબાદ ઈટાલિયન ડ્રાઈવર એન્ટોનેલીએ ઈલેક્ટ્રિકલ પાવરની મદદથી હેમિલ્ટનને પાછળ છોડી દીધો હતો. ગયા મહિને બાર્સેલોના-કેટાલુન્યા ગ્રાન્ડ પ્રિક્સમાં જીત મેળવ્યા બાદ ફેરારીનો હેમિલ્ટન ફરી એકવાર જીત માટે જોરદાર લડત આપી રહ્યો હતો. મેકલેરેનનો લેન્ડો નોરિસ આ રેસમાં ત્રીજા સ્થાને રહ્યો હતો, જેણે જ્યોર્જ રસેલ અને મેક્સ વેર્સ્ટાપન સામેની રોમાંચક ટક્કર બાદ આ સ્થાન મેળવ્યું હતું. મોનાકો ગ્રાન્ડ પ્રિક્સ પછી એન્ટોનેલીની આ પ્રથમ જીત છે, જેનાથી તેણે ફોર્મ્યુલા-1 સ્ટેન્ડિંગ્સમાં પોતાના સાથી ખેલાડી રસેલ પર 43 પોઈન્ટની લીડ મેળવી લીધી છે.

રેસમાં રસેલ ચોથા, ફેરારીનો ચાર્લ્સ લેક્લર્ક પાંચમા અને રેડ બુલના વેર્સ્ટાપન છઠ્ઠા સ્થાને રહ્યો હતો. રવિવારે મુખ્ય બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સ યોજાશે.

# ઈંગ્લેન્ડ સામે બીજી T20માં ભારતે બનાવ્યા 190 રન

**તિલક** વર્માએ છેલ્લી ઓવરોમાં આક્રમક ઈનિંગ રમી

**યુવા** સૂર્યવંશીએ ડેબ્યૂમાં 2 છગ્ગાની મદદથી 14 રન બનાવ્યા



માન્ચેસ્ટર, તા. 4 (પીટીઆઈ): ઈંગ્લેન્ડ સામેની બીજી T20 મેચમાં ભારતે 7 વિકેટે 190 રન બનાવ્યા હતા. માન્ચેસ્ટરના પવનવાળા વાતાવરણ અને પિચના ઉછાળ સામે ભારતીય બેટ્સમેનોને મુશ્કેલી પડી હતી. આ મેચમાં 15 વર્ષના યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ ભારત માટે સૌથી નાની વયે ડેબ્યૂ કરીને નવો રેકોર્ડ બનાવ્યો હતો.

પોતાની પ્રથમ મેચમાં સૂર્યવંશીએ 10 બોલમાં 2 સિક્સરની મદદથી 14 રન બનાવ્યા હતા અને તે વિલ જેક્સના બોલ પર સ્ટમ્પ આઉટ થયો હતો. તિલક વર્માએ છેલ્લી ઓવરમાં આક્રમક બેટિંગ કરી 11 બોલમાં અણનમ 24 રન ફટકાર્યા હતા. તેણે જોફ્રા આર્ચરની 20મી ઓવરમાં 17 રન ઝૂડી કાઢ્યા હતા.

ઓપનર અભિષેક શર્માએ શરૂઆતના સંઘર્ષ બાદ 24 બોલમાં 43 રન અને કેપ્ટન શ્રેયસ અય્યરે 22 બોલમાં 37 રનનું યોગદાન આપ્યું હતું. ઈશાન કિશને 43 બોલમાં 49 રન બનાવ્યા હતા, પરંતુ તે ઈંગ્લેન્ડના સ્પિનરો સામે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. અય્યર અને કિશને ત્રીજી વિકેટ માટે 65 રનની ભાગીદારી કરી હતી.

ઈંગ્લેન્ડ તરફથી સેમ કરને 4 ઓવરમાં 33 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. જોફ્રા આર્ચરે 4 ઓવરમાં 40 રન આપીને 1 વિકેટ લીધી હતી. આ સિવાય વિલ જેક્સે 3 ઓવરમાં 22 રન અને લિયામ ડોસને 3 ઓવરમાં 27 રન આપીને 1-1 વિકેટ મેળવી હતી, જ્યારે આદિલ રાશિદે 2 ઓવરમાં 21 રન આપ્યા હતા.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અભિષેક કો બેન્ટન બો કરેન | 43 | 24 | 8 | 1 |
| સૂર્યવંશી સ્ટ. બટલર બો જેક્સ | 14 | 10 | 0 | 2 |
| ઈશાન કો ડોસન બો કરેન | 49 | 40 | 6 | 0 |
| અય્યર કો બન્ટન બો ડોસન | 37 | 22 | 3 | 1 |
| દુબે કો બેન્ટન બો કરેન | 5 | 7 | 0 | 0 |
| તિલક અણનમ | 24 | 11 | 1 | 2 |
| અક્ષર રન આઉટ | 2 | 3 | 0 | 0 |
| હર્ષિત કો બટલર બો આર્ચર | 6 | 3 | 0 | 1 |
| વધારાના | 10 | | | |
| કુલ 20 ઓવરમાં 7 વિકેટે | 190 રન | | | |

**વિકેટ પતન:** 1-50, 2-65, 3-130, 4-146, 5-157, 6-165, 7-190

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા અર્ચર | 4 | 0 | 40 | 1 |
| જોશ ટંગ | 4 | 0 | 46 | 0 |
| વિલ જેક્સ | 3 | 0 | 22 | 1 |
| સેમ કરેન | 4 | 0 | 33 | 3 |
| લિયામ ડોસન | 3 | 0 | 27 | 1 |
| આદીલ રશિદ | 2 | 0 | 21 | 0 |

## અનુસંધાન... પાના પહેલાનું

### સંસદનું ચોમાસુ...

છે. ઉપલા ગૃહના ત્રણ બળવાખોર ટીએમસી સાંસદોએ રાજીનામું આપી દીધું છે અને પેટા-ચૂંટણીઓ ભાજપને રાજ્યસભામાં વધુ તાકાત મેળવવામાં મદદ કરશે. મે મહિનામાં યોજાયેલી પ્રતિષ્ઠાભરી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી બાદ દ્રવિડ મુન્નેત્ર કઝગમ (ડીએમકે) અને કોંગ્રેસ વચ્ચેનું લાંબાગાળાનું ગઠબંધન સમાપ્ત થઈ ગયું છે. એક્સ પર એક પોસ્ટમાં રિજિજુએ જણાવ્યું હતું કે, સરકારની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ચોમાસુ સત્ર ૨૦૨૬ માટે સંસદના બંને ગૃહો બોલાવ્યા છે.

### અરબી સમુદ્ર અને...

સૌથી વધુ જોખમ રહેશે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વ્યાપક વરસાદ સાથે કેટલાક સ્થળોએ ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે તથા રાજકોટ, જુનાગઢ અને ગીર સોમનાથમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં પણ સારા વરસાદની સંભાવના છે, જોકે તેની તીવ્રતા દક્ષિણ ગુજરાતની સરખામણીએ ઓછી રહેવાની શક્યતા છે.

### ભારે પવન અને...

સરકારે 4થી 7 જુલાઈ દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સતર્કતા જાળવવા અપીલ કરી છે. માળિયા હાટીનાથી વાંદરવડ જતી એક એસ.ટી. બસ બેઠા પુલ પર પાણીના તેજ પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. જોકે, સ્થાનિક તંત્ર અને ગ્રામજનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને ડ્રાઈવર, કંડક્ટર સહિત તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

### ભારે વરસાદની...

સપાટી પર છે. રાજ્યમાં હાલમાં બે ડેમ હાઈ એલર્ટ, એક ડેમ એલર્ટ અને સાત ડેમ વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં 10 NDRF અને 25 SDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે, જ્યારે 3 NDRF અને 8 SDRFની ટીમોને રિઝર્વ રાખવામાં આવી છે. વરસાદને કારણે 1 જૂનથી અત્યાર સુધી નવસારી જિલ્લામાંથી કુલ 50 નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

### 15 વર્ષની ઉંમરે...

વર્ષ 239 દિવસ) સૌથી નાની વયમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ડેબ્યુ કરનાર ભારતીય ખેલાડી (મહિલા અને પુરુષમાં) હતી જ્યારે પુરુષોમાં સચિન તેંડુલકર (16 વર્ષ 205 દિવસ) સૌથી નાની વયનો ખેલાડી હતો જેણે 1989માં કરાચીમાં પાકિસ્તાન સામે ટેસ્ટમાં ડેબ્યુ કર્યું હતું. વૈભવે આ બંને ખેલાડીઓના રેકોર્ડ તોડી નાંખ્યા છે. વૈશ્વિક સ્તરે ફૂલ મેમ્બર દેશોમાં તે ઈતિહાસનો બીજો સૌથી યુવા આંતરરાષ્ટ્રીય ખેલાડી બન્યો છે. સચિન રક્ષણાત્મક સાથે આક્રમક રમત માટે જાણીતો હતો, જ્યારે વૈભવ આજના આધુનિક યુગની આક્રમક બેટિંગ શૈલી ધરાવે છે.

### પેટ્રોલમાં ઇથેનોલ...

એવા અનેક વીડિયો સામે આવી રહ્યા છે જેમાં લોકો બતાવી રહ્યા છે કે પેટ્રોલ પંપ પરથી મળતું ઇંધણ જાણે ભેળસેળયુક્ત હોય તેવું જણાય છે, નહીં કે યોગ્ય રીતે મિશ્રિત થયેલું. દરમ્યાન, ઔદ્યોગિક નિષ્ણાતો અને અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદકોએ શનિવારે ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલના ઉપયોગ અંગેની ચિંતાઓ દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે 20% ઈથેનોલનું પ્રમાણ ધરાવતા E20 ઈંધણનું વ્યાપક વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવ્યું છે અને તે E20 ફરજિયાત કરવામાં આવ્યું તે પહેલાં બનેલા વાહનો માટે પણ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

### સરકારે ટેલિગ્રામને...

મહિનામાં ટેલિગ્રામ પર ભારતમાં અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ટેલિગ્રામ માત્ર સરકાર દ્વારા એક પછી એક પાઈરેસી ચેનલોની ઓળખ કરવાની રાહ જોઈ શકે નહીં. IT એક્ટ, ૨૦૦૦ અને IT નિયમો, ૨૦૨૧ હેઠળ પ્લેટફોર્મ માટે જરૂરી યોગ્ય તત્પરતા દર્શાવવા માટે માત્ર પ્રતિક્રિયાત્મક અને ચેનલ-બાય-ચેનલ કન્ટેન્ટ હટાવવાનો અભિગમ પૂરતો ન હોઈ શકે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ટેલિગ્રામને આપવામાં આવેલી આ નોટિસ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં મેટા સામે લેવામાં આવેલા નિયામક પગલાં બાદ આવી છે. બુધવારે, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે વોટ્સએપ પર આયોજિત 'યુઝરનેમ' ફીચર અંગે સવાલ ઉઠાવતી નોટિસ મેટાને ફટકારી હતી અને ત્યારબાદ અઠવાડિયાના અંતમાં, ઈન્સ્ટાગ્રામ પર કથિત રીતે બાળ જાતીય શોષણ સામગ્રીને પ્રોત્સાહન આપતી જાહેરાતો અંગે કંપનીને સમન્સ મોકલવાનો નિર્ણય કર્યો હતો. મંત્રાલય દ્વારા ટેલિગ્રામ અને અન્ય મેસેજિંગ એપ સિગ્નલને પણ તેમના હાલના યુઝરનેમ ફીચર અંગે નોટિસ પાઠવવામાં આવી છે.

### સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર...

સુબીરમાં તથા સુરત જિલ્લાના અંબિકામાં 13-13 ઈંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લાના કેશોદ અને મેંદરડા તાલુકામાં 12-12 ઈંચ તેમજ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં 11 ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યના 14 તાલુકાઓમાં 5થી 10 ઈંચ, 85 તાલુકાઓમાં 1થી 5 ઈંચ અને 118 તાલુકાઓમાં 1 ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં આજે સવારે 6 વાગ્યા સુધીમાં મોસમનો સરેરાશ 5 ઈંચ વરસાદ નોંધાયો છે, જે રાજ્યના કુલ સરેરાશ વરસાદના 13.27 ટકા જેટલો થાય છે. ઝોનવાર વરસાદની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 17.11 ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં 15.38 ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં 10.87 ટકા, ઉત્તર ગુજરાતમાં 7.79 ટકા અને કચ્છમાં માત્ર 0.40 ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

### પાકિસ્તાન સ્થિત...

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ જાહેર કરાયેલા આતંકવાદીઓ ભારત વિરોધી પ્રવૃત્તિઓ, આતંકવાદી હુમલાઓ કરવા, આતંક ફેલાવવા, શસ્ત્રોની હેરાફેરી, સરહદ પારથી ઘૂસણખોરી, આતંકવાદી સંગઠનોને મદદ કરવા, ભંડોળ એકત્ર કરવા અને આતંકવાદીઓની ભરતી કરવામાં સામેલ હતા. આજે જાહેર કરાયેલા ૨૩ આતંકવાદીઓમાંથી ૧૭ પાકિસ્તાની નાગરિકો છે અને ૬ ભારતીય નાગરિકો છે. જોકે, તે તમામ હાલમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીરથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવે છે. અનલોફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ(UAPA) કેન્દ્ર સરકારને કોઈ વ્યક્તિને આતંકવાદી જાહેર કરવાની સત્તા આપે છે, જો સરકાર માને છે કે તે વ્યક્તિ આતંકવાદમાં સામેલ છે. ચોથી અનુસૂચિમાં વ્યક્તિઓને આતંકવાદી જાહેર કરવા માટેની જોગવાઈ છે, જ્યારે પ્રથમ અનુસૂચિમાં JeM અને LeT જેવા આતંકવાદી સંગઠનોની યાદી છે. આતંકવાદીઓના નામ યાદીમાં સામેલ કરવાથી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(NIA)ને તેમની નાણાકીય સંપત્તિ બ્લોક કરવા, શસ્ત્રોના વેચાણ પર પ્રતિબંધ મૂકવા અને તેમની સંપત્તિ જપ્ત કરવાની મંજૂરી મળશે.

### 12 કલાકમાં 8 ઈંચ...

વરસાદ અને અત્યંત ભારે વરસાદની ચેતવણીને પગલે મહાનગરપાલિકાને બપોરે શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી. શનિવારે મુંબઈના પાડોશી જિલ્લાઓ એવા ઠાણે અને પાલઘરમાં ભારે વરસાદ ખાબક્યો હતો. ભીવંડીમાં ૩ ફૂટ પાણી ભરાઈ ગયું હતું જેને કારણે દુકાનો બંધ કરી દેવી પડી હતી. અધિકારીઓએ જણાવ્યુ હતું. પાલઘરમાં પાણીમાં તણાઈ જવાથી એક બાળકનું મોત નિપજ્યું હતું. ભારે પવન અને વાવાઝોડા સાથે ખાબકેલા ભારે વરસાદે કેરળના કેટલાક ભાગોને ધમરોળ્યા હતા, જેના કારણે નદીઓ અને ડેમોમાં પાણીની સપાટીમાં વધારો થયો છે, નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે અને મિલકતોને નુકસાન પહોંચ્યું છે. ઈડુક્કી જિલ્લામાં, ઉપરવાસના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જળાશયના પાણીના સ્તરમાં વધારો થતાં સત્તાવાળાઓએ સાવચેતીના ભાગરૂપે પાંબલા ડેમના દરવાજા ખોલી દીધા હતા.

પુણે અને તેની આસપાસના વિસ્તારોમાં પણ શનિવારે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. સતત પડી રહેલા ભારે વરસાદને કારણે પુણે શહેરના અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના લીધે ટ્રાફિક વ્યવહાર પ્રભાવિત થયો હતો. આ સિવાય, વરસાદના કારણે જિલ્લામાં બે અલગ-અલગ જગ્યાએ લેન્ડસ્લાઈડ (ભેખડો ધસી પડવાની)ની ઘટનાઓ પણ સામે આવી છે. જોકે, રાહતની વાત એ છે કે આ દુર્ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી.

દેશના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદના અહેવાલ છે. રાજસ્થાનમાં પણ ભારે વરસાદ પડ્યો છે. મધ્યપ્રદેશના ભોપાલ-ઈન્દોર સહિત 26 થી વધુ જિલ્લાઓમાં શુક્રવારે ભારે વરસાદ થયો હતો. ઉજ્જૈનમાં નાનો પુલ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે એક યુવક મોટરસાઈકલ સાથે તણાઈ ગયો હતો. ઉત્તર પ્રદેશના 20 જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો. કાનપુરમાં GSVM મેડિકલ કોલેજમાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે કાર અને બાઈક અડધા સુધી ડૂબી ગયા હતા. બીજી તરફ, જમ્મુ-કાશ્મીરમાં શનિવારે સવારે ભેખડો ધસી પડવાના કારણે રામનગર-ઉધમપુર રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો.

### આ ૨૩માંથી...

આમાંથી કેટલાક ધ્યાન ખેંચનાર નામોમાં મોહમ્મદ મુસદ્દિકનો સમાવેશ થાય છે, જે ડોક્ટર અને અબ્દુલ મન્નાન સહિતના ઉપનામોથી ઓળખાતો પાકિસ્તાની જેશ-એ-મોહમ્મદનો આતંકી છે. તે અયોધ્યામાં રામ જન્મભૂમિ સંકુલ, નાગપુરમાં આરએસએસ મુખ્યાલય અને પાનિપતમાં આઈઓસીએલ રિફાઇનરીની રેકી કરવામાં મહત્વનું સ્થાન ધરાવતો હતો. તે લાસિયાકોટ સેક્ટર માટે લોન્ચિંગ કમાન્ડર તરીકે પણ સેવા આપી રહ્યો છે અને ટનલ દ્વારા ઘૂસણખોરીની સુવિધા પૂરી પાડે છે, તેમજ ડ્રોનનો ઉપયોગ કરીને ભારતમાં હથિયારો અને દારૂગોળો મોકલે છે. આ ઉપરાંત મસૂદ ઈલ્યાસ કાશ્મીરી, જે મુફ્તી મસૂદ ઈલ્યાસ અને અબુ મોહમ્મદ સહિતના કેટલાક ઉપનામોથી ઓળખાતો એક પાકિસ્તાની નાગરિક છે, તે મસૂદ અઝહરનો નજીકનો સહયોગી છે અને કાશ્મીરમાં ઘૂસણખોરી માટે સંગઠનનો મુખ્ય સંયોજક છે.

મુફ્તી મોહમ્મદ અસગર ખાન, જે અબુ સાદ અથવા સાદ જિમીકી તરીકે પણ ઓળખાય છે, તેની ઓળખ પીઓકે (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)માં જૈશના અમીર અને તેની સૈન્ય પાંખના વડા તરીકે કરવામાં આવી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે તે નગરોટામાં ભારતીય સેનાના કેમ્પ પર થયેલા હુમલાનો મુખ્ય કાવતરાખોર હતો અને તે મુઝફ્ફરાબાદમાં તાલીમ શિબિરો ચલાવે છે, જ્યાં જેહાદી અને સૈન્ય સૂચનાઓ/તાલીમ આપવામાં આવે છે.

હાફિઝ અબ્દુલ શકુર ઉર્ફે કારી જરાર, જે જૈશ અને હરકત-ઉલ-મુજાહિદ્દીન સાથે જોડાયેલો છે, તેના પર નગરોટા આર્મી કેમ્પ હુમલા માટે સાંબા-કઠુઆ સેક્ટર દ્વારા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવવાનો આરોપ છે. સરહદ પાર વસતા ભારતીય નાગરિકોમાં ફિરદોસ અહેમદ ભટ્ટ સામેલ છે, જે એલઈટી સાથે જોડાયેલો છે. મંત્રાલયે જણાવ્યું કે તે ૨૦૧૮ માં વાઘા બોર્ડર દ્વારા પાકિસ્તાન ગયો હતો, લોન્ચિંગ કમાન્ડર તરીકે સેવા આપે છે. પાકિસ્તાની નાગરિક અને જૈશ સાથે જોડાયેલા ગુલામ ઉર્ફે ગુલશન કુમારે અગાઉ ૨૦૦૧ થી ૨૦૦૫ સુધી પાકિસ્તાન આર્મીમાં સેવા આપી હતી. મંત્રાલયે જણાવ્યું કે તેણે ૨૦૦૮ માં બાંગ્લાદેશ થઈને ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો, તે જ વર્ષે પાછળથી જમ્મુમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને જુલાઈ ૨૦૧૯ માં તેને પાકિસ્તાન પરત મોકલી દેવામાં આવ્યો હતો. હારુન રશીદ ગનાઈ, જે પાકિસ્તાનમાં રહેતો એક ભારતીય નાગરિક છે અને એલઈટી સાથે જોડાયેલો છે, તે કથિત રીતે ૨૦૧૮ માં પાકિસ્તાન ગયો હતો, ત્યાં સંગઠનમાં જોડાયો હતો. ભારતીય નાગરિક બિલાલ અહેમદ મીર મુઝફ્ફરાબાદ (પીઓકે)માં રહે છે અને તે એલઈટી તથા ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) સાથે જોડાયેલો છે. તે એલઓસી પારથી સ્થાનિક કાશ્મીરી યુવાનોને જેહાદ માટે ઉશ્કેરવાનું અને ભડકાવવાનું કાવતરું ઘડે છે. અન્ય એક ભારતીય નાઝિર અહેમદ ગુજ્જરે ડોડા અને કિશ્તવાડમાં યુવાનોની ભરતી કરી હતી અને સાંબા તથા આરએસ પુરા સેક્ટરમાં ડ્રોન આધારિત શસ્ત્રો અને દારૂગોળાની ડિલિવરી કરાવી હતી.

## આજનું પંચાંગ

**તા. 05/07/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: પાંચમ 13:31
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 14
**યોગ :** આયુષ્માન **કરણ:** ગર
**નક્ષત્ર :** શતભિષા : 15:13
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:03 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:51
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ,, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
રાહુકાળ: સંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મિત્રો સાથે વિવાદ ટાળવો. સામાજિક કામમાં યશ મળે. જીવનસાથી સંતાનોનાં કામમાં પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા કામની યોજના બને. ઘર-પરિવારમાં નવા ફેરફારની યોજના બને. સામાજિક પ્રવૃત્તિ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** બૌદ્ધિક લોકોને મળવાનું બને. પ્રવાસના કામમાં પ્રગતિ થાય. ધાર્મિક મેળાવડામાં જવાનું બને.

**કર્ક (ડ,હ,):** ખાવા-પીવામાં ધ્યાન રાખવું. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. અચાનક શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** રોજના કામમાં કંટાળો આવે. મનોરંજન પાર્ટી થાય. ઘરમાં અવરજવરથી અશાંતિ વધશે. ખર્ચા વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિજાતિય આવેગ સતાવે નોકર-ચાકરથી સાવધાન રહેવું.ઉધાર લેવા દેવાનું ટાળવું. ખર્ચાળ દિવસ.

**તુલા (ર,ત,):** પ્રેમમાં ગેરસમજ થાય.ઈર્ષાળુથી સાવધાન. મિત્રો સાથે મનોરંજન થાય. સંતાનોના કામમાં મદદ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** બહારના કામનો બોજ સતાવે. ઘરમાં નવા ફેરફારથી યોજના બને. વડીલોનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સાહસિક અને નિડર બનશો. વાણી પર કાબૂ રાખવો. મહત્ત્વનાં કામમાં મદદ મળે. પ્રવાસ થાય.

**મકર (ખ,જ,):** ખાવા-પીવા-મોજ-શોખ, દલાલી માર્કેટીંગ જેવા કામધંધામાં લાભ થાય. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ક્રિએટીવ નવા વિચારોથી બીજાને પ્રભાવિત કરશો. પ્રવાસમાં સાવધાની નવી તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. સંતાનોની સમસ્યા સતાવે. ધાર્મિક કામમાં મનને શાંતિ મળે. ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 05 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં નવા ફેરફાર, ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવું. પડશે. જવાબદારી-દોડધામ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતીપડતી રહે.ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં ધીરજ રાખવી. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવું. લાલચથી બચવું. સંતાનોનાં કેરીયર-અભ્યાસમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં તક મળે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં વિઘ્નો આવશે. નવા વેપાર ધંધા વગેરેમાં હરીફોની ચિંતા સતાવશે. આવક વધારવાની યોજનામાં ચડતીપડતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મકર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ -સપ્ટેમ્બર બુધ શુક્રવાર, 05, 14, 23 તારીખે નવા કામ કરવા લીલા રંગનો ઉપયોગ વધારવો જૂન-જુલાઈ શનિવાર, 7,16,25 તારીખે નવા કામ ટાળવાં, લાલ, કાળો રંગ વાપરવાનું બંધ કરવું. બુધવારના ઉપાય કરતાં રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ઢીલા ઝાડા

પાચન બગડ્યું હોય તો મામેજવા ચૂર્ણ એક ચમચી, સૂંઠ અને છાશ સાથે લેવું.